જીવન રાજનીતિથી અધિક ઊંચું અને મહત્ત્વનું છે
- સુભાષચંદ્ર બોઝ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૫૪ | ૬ માર્ચ, ૨૦૧૩, બુધવાર; મહા વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જીલ્લા પંચાયતની ૧૫મીએ બજેટ બેઠક

## ખાસ સામાન્ય સભામાં સમિતિઓની રચનાના અભાવે પણ કેટલાક મહત્વના વિકાસ કામોને ૩૧મી માર્ચ પહેલા મંજુરી આપવાનું જરૂરી હોવાથી એજન્ડામાં સમાવેશ કરાયો છે : સામાન્ય સભાના પગલે પંચાયતના રાજકારણમાં ગરમાવો વર્તાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા આગામી ૧૫મી માર્ચના રોજ યોજવામાં આવશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલના અધ્યક્ષસ્થાને બપોરે બે વાગે જિલ્લા પંચાયતના સરદાર હોલમાં આ ખાસ સામાન્ય સભા મળશે.

મળતી વિગતો પ્રમાણે આ ખાસ બેઠકમાં વર્ષ-૨૦૧૨-૧૩નું સુધારેલુ અંદાજપત્ર તથા ૨૦૧૩-૧૪નું અંદાજપત્ર રજુ કરવામાં આવશે. આ ઉપરાંત બીજી વહીવટીય કામગીરી હાથ ધરવામાં આવશે.

જિલ્લા પંચાયતના બજેટ માટે આ ખાસ સામાન્ય સભા બોલાવવામાં આવી છે. આ બેઠકમાં ખાસ કરીને સમિતિઓની રચના નહિ થઈ હોવાથી કેટલીક વિકાસ કામોની મંજૂરી પણ આપવામાં આવનાર છે.

સભ્યોને આ ખાસ બજેટ બેઠક માટેનો એજન્ડા રવાના કરવા અંગેની કાર્યવાહી પણ હાથ ધરી દેવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આ ખાસ સામાન્યસભાને લઈ પંચાયતના વર્તુળોમાં ગરમાવો આવી જવા પામ્યો છે. બીજી તરફ ૩૧ માર્ચ પહેલા બજેટ પસાર કરવુ જરૂરી હોવાથી આવો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. કેટલાક વિકાસ કામોને ૩૧-૩ પહેલા મંજૂરી આપવી જરૂરી બની હોવાથી આ બેઠકમાં વહીવટીય કામગીરી વધુ થશે.

## પાણી શુદ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા વધારવા પ્રવિણ પટેલની માંગ


ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરને પાણી પુરવઠો પુરતા ફોર્સથી પુરો પાડી શકાય તે માટે ફિલ્ટર પ્લાન્ટની ક્ષમતામાં વધારો કરવાની માંગણી મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે રાજ્યના શહેરી વિકાસમંત્રી અને માર્ગ-મકાન તથા મહેસુલ મંત્રીને લખ્યો છે.

શ્રી પટેલે તેમના આ પત્રમાં જણાવ્યું છે કે શુદ્ધિકરણ પ્લાન્ટની જે ક્ષમતા છે તેમાં નગરના થઈ રહેલા વિકાસને ધ્યાને રાખી વધારો કરવામાં આવે તે જરૂરી છે.

તેમણે તેમના આ પત્રમાં જણાવ્યું છે કે હાલમાં પાણી વિતરણ વ્યવસ્થા ગાંધીનગર શહેરના ૧ થી ૧૪ સેક્ટરમાં સવારના સમયે અને સેક્ટર-૧૫ થી ૩૦માં દર બે મહિને માસ ફરતી સવાર-સાંજ પ્રમાણે પાણી વિતરણ કરવામાં આવે છે. ગાંધીનગર શહેરના વસાહતીઓને એક સાથે પુરતા પ્રમાણમાં એ પુરા દબાણ સાથે પાણી આપવા માટે સે.-૫માં અને ચરેડી ખાતે એક એક ઈ.એસ.આર. (૬,૦૦,૦૦૦ ગેલન) ક્ષમતાની બનાવવામાં આવેલ છે. પરંતુ હાલમાં ગાંધીનગર શહેર માટે ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. પાસેથી નર્મદા કેનાલનું પાણી શુદ્ધિકરણ કરેલું મેળવવામાં આવે છે. જેની મહત્તમ ક્ષમતા દરરોજના સમગ્ર શહેર માટેની ૬૦ એમ.એલ.ડી. છે. દસ ટકા ઓવરલોડીંગ ક્ષમતા ગણતાં ગુણવત્તા સાથેનું દરરોજ ૭૦ એમ.એલ.ડી. પાણી પુરૂ પાડી શકાય, સમગ્ર શહેરને એક સમયે બે કલાક પાણી પુરવઠો પુરો પાડવા માટે ભૂગર્ભ જળાશયોની ક્ષમતામાં

● અનુસંધાન પાન-૭ પર



કેસુડાના પુષ્પોથી લચી રહેલા ફૂલોના ગુચ્છાથી જાણે હોળીનો તહેવાર નજીક આવ્યો હોય તેવું લાગી રહ્યું છે. હોળી એટલે રંગોનો તહેવાર આ તહેવાર આવે એટલે બાળકોથી લઈને વડીલો આ તહેવારની પૂર્વ તૈયારીમાં લાગી જતા હોય છે. કેસુડાના પુષ્પોથી કુદરતે એક કરિશ્મો પ્રગટાવ્યો હોય અને માનવ જાતને એક અદભૂત નજારો જોવાની ભેટ આપી હોય તેવો નજારો જોતા જ જાણે દરેક માનવીની અંદર કેસરિયો રંગ તેના પુષ્પોની સાથે એ સદીયો પુરાણો નાતો હોય તેવું પ્રતિત કરાવે છે. તસ્વીર ઉપર કેસુડાના બધા જ ફૂલ ખીલી ઉઠેલા પુષ્પો ઉપરથી જાણે ગરમીની પણ ધીમી ગતિએ શરૂઆત થવાની હોય તેવું દેખાઈ રહ્યું છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય કક્ષાની વૉલીબોલ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૫

સ્કુલ ગેઈમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ૫૮મી અખિલ ભારતીય શાળાકીય વોલીબોલ અંડર- ૧૭ ભાઈ/બહેનોની સ્પર્ધા તા. ૨૧ થી ૨૬ એપ્રિલ- ૨૦૧૩ દરમ્યાન સ્વામી વિવેકાનંદ માધ્યમિક શાળા, સેકટર- ૧૨, ગાંધીનગર ખાતે યોજાનાર છે. આ રાષ્ટ્રીય કક્ષાની વોલીબોલ સ્પર્ધાના સુચારું આયોજન માટે આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપના અધ્યક્ષસ્થાને સ્થાનિક વહીવટી તંત્રની એક બેઠક મળી હતી. જેમાં રાજયમાં સૌ -થમવાર યોજાનાર રાષ્ટ્રીય વોલીબોલ સ્પર્ધાના માઈક્રોપ્લાનીગ માટે વિવિધ ટીમોની રચના કરવામાં આવી હતી.


આ -સંગે જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૧૨-૧૩માં રાષ્ટ્રીય કક્ષાની શાળાકીય વોલીબોલ સ્પર્ધાનું યજમાન પદ ગુજરાત રાજયને -ાપ્ત થયું છે. આ સ્પર્ધા રાજયના પાટનગર ગાંધીનગર ખાતે યોજાનાર છે. રાષ્ટ્રીય કક્ષાની વોલીબોલ સ્પર્ધા આગામી તા. ૨૧ થી ૨૬મી એપ્રિલ દરમ્યાન ગાંધીનગરની સેકટર- ૧૨ ખાતે આવેલી સ્વામિ વિવેકાનંદ માધ્યમિક શાળાના મેદાનમાં યોજાનાર છે. આ રમત અંતર્ગત અંદાજે દેશના કેન્દ્રશાસિત -દેશ અને અન્ય રાજયમાંથી ખેલાડીઓ, કોચ અન્ય લોકો સહિત ૧૫૦૦ જેટલા લોકો આવશે. રાષ્ટ્રીય કક્ષાની વોલીબોલ સ્પર્ધા યોજાનાર હોય તેના

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં નાણાંકીય અનિયમિતતા ઉદ્દભવી છે સદ્ભાવના મિશનમાંથી : કેશુભાઈ

### વહીવટી નાણાંકીય અશિસ્ત સામે પ્રશ્નો ઉઠાવ્યા : રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી ગઇ છે : રાજપૂત

ગાંધીનગર, તા. ૫



ગુજરાત વિધાનસભામાં આજે પૂરક માંગણીઓ માટેના સરકારી વિધેયક પરની ચર્ચામાં ભાગ લેતા કેશુભાઈ પટેલે વહીવટી નાણાંકીય અશિસ્તનો આરોપ લગાવીને સરકારની ઝાટકણી કાઢી હતી. તેમણે જણાવ્યુ હતુંકે, બજેટ રજુ કર્યા પછી સરકારને પૂરક માગણીઓ લઈને ગૃહમાં આવવું પડ્યું છે. નાણાંકીય અશિસ્તને લીધે અસંગતતા ઉભી થઈ છે. રાજયના મુખ્યમંત્રી પ્રેરિત સદભાવનાના ઉપવાસ માટે થનારા ખર્ચ માટે બે વર્ષ પહેલા કોઈ જોગવાઈ કરવામાં આવી હતી. સદ્ભાવનાનો ખર્ચ કયા હેડે ઉધારવો ? એટલે પૂરક માગણીઓ લાવવામાં આવી. ગત વર્ષના બજેટમાં રૂા. ત્રણ કરોડની આ માટે જોગવાઈ કરવામાં આવી હતી. અને ત્યાર બાદ આ સંદર્ભમાં બીજી પૂરક માગણીઓ લઈને આવ્યા હવે રૂા. ૧૫ કરોડ જોઈએ છે. તમારી પાસે રૂા. ૪.૫૦ કરોડની પુરાંત પડી છે એટલે રૂા. ૧૧ કરોડની જરૂર પડશે. આ બાબત વહીવટી નાણાંકીય અશિસ્ત ગણાય છે. બરફ પાણીમાં ડૂબેલો હોય તો પણ એનું ટોચકું તો બહાર આવે જ. રૂા. ૧૫ કરોડની વાત ભલે નાની લાગતી હોય પણ આ અનિયમિતતા ચલાવી લેવાય નહીં.સિદ્ધપુરના ધારાસભ્ય અને કોંગ્રેસના દંડક બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગઈ છે. છેલ્લાં ૧૦ વર્ષમાં રાજ્યમાં ૧૨ લાખ કરતા વધુ ગુનાઓ બન્યા છે. રોજના ૪૦૦ જેટલા ગુનાઓ બને છે. તમે એક દિવસ જાગો હું ૩૬૫ દિવસ જાગીશ એવું કહ્યા પછી સરકાર ઊંઘતી રહી છે. પૂરક માગણી પરની ચર્ચામાં કોંગ્રેસના બાવકુભાઈ ઉઘાડ, જશાભાઈ બારડ સહિત સભ્યોએ ભાગ લઈને સરકારની નીતિ-રીતિની આલોચના કરી હતી.

## જિલ્લાના તમામ ગરીબોને આવાસની સુવિધા પુરી પડાઈ છે : રાજયમંત્રી કવાડિયા

### છેલ્લા બે વર્ષમાં ૧૮૬ મકાનો ફાળવવાના લક્ષ્યાંક સામે ૧૩૬ પૂર્ણ થયા છે અને ૫૦ મકાનો હજુ અપૂર્ણ છે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લામાં ૦ થી ૧૬માં આવતા બી.પી.એલ. પરિવારોની સંખ્યા ૧૩૮૩૬ છે જે પૈકી ઈન્દિરા આવાસ યોજનામાં ૧૦૪૯૧ પરિવારોને સમાવી લેવામાં આવ્યા છે જયારે બાકીના લાભાર્થીઓને અન્ય આવાસ યોજનામાં સમાવાયા છે તેમ રાજયકક્ષાના મંત્રીશ્રી જયંતિભાઈ કવાડિયાએ આજે રાજય વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું.

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં છેલ્લા બે વર્ષ દરમિયાન કેટલા મંજૂર કરાયા તેવા પુછેલા પ્રશ્નના ઉત્તરમાં રાજયમંત્રી શ્રીએ જણાવ્યું હતું કે કુલ ૧૮૬ લાભાર્થીઓને છેલ્લા બે વર્ષમાં સમાવી લેવામાં આવ્યા છે. તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે આ પૈકી ૧૩૬ આવાસો પૂર્ણ થઈ ગયા છે જે બાકી છે તે પણ ઝડપથી પૂર્ણ થાય તે જોવા તંત્રને જણાવવામાં આવ્યું છે.

રાજયમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ૦ થી ૧૬ના લાભાર્થીઓમાં માણસામાં ૩૫૪૪ છે એમાંથી ૨૭૨૧ને લાભ આપવામાં આવ્યો છે. કલોલમાં ૩૦૫૫ની સામે ૨૨૨૨ને લાભ આપવામાં આવ્યો છે. ગાંધીનગરમાં ૨૩૩૫૨ની સામે ૨૪૫૩ને લાભ આપવામાં આવ્યો છે. દહેગામમાં ૩૮૮૫ છે જેમાંથી ૩૦૯૫ને લાભ આપવામાં આવ્યો છે.

ભાજપના જ શ્રી અશોક પટેલના એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે લીંટલ લેવલના ૨૯ મકાનો અને ધાબા લેવલના ૨૧ મકાનો અપૂર્ણ છે.

કોંગીના શ્રી હરિભાઈ પટેલે જેમને હજુ ફાળાની રકમ ચૂકવવામાં આવી નથી તેમને નાણાં ચુકવવા માંગો છે કે કેમ? તેવા પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કોઈને ફાળો ચુકવવાનો બાકી નથી.

કોંગીના જ શ્રી શૈલેષ પરમાર અને શ્રી બાવકુભાઈ ઉઘાડે રાજય સરકાર તરફથી આયોજનામાં અપાતા ફાળાની રકમમાં વધારો કરવા માટે કેટલી વાત અંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાજય સરકાર હાલ રૂ. ૧૧૨૫૦ લેખે આ સહાય ચુકવે છે અને વધારો કરવાની વાત એ તેમનું સૂચન છે.

ભાજપના શ્રી તારાચંદ છેડાએ કેન્દ્રની ગાઈડલાઈન મુજબ આ આવાસ યોજનામાં સમાવવામાં આવે છે પણ રહી ગયેલા પરિવારોને સરકાર અન્ય આવાસ યોજનામાં સમાવવા માંગે છે કે કેમ? તેવા પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારની નીતિ મુજબ ૦ થી ૧૬માં આવતા પરિવારોને અતિ ગરીબ ગણવામાં આવે છે. ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા પરિવારોને ગરીબ તરીકે ગણવામાં આવે છે.

રાજયના મુખ્યમંત્રીશ્રીએ ૧૭ થી ૨૦માં આવતા પરિવારોને રાજય સરકારની આવાસ યોજનામાં સમાવેશ કરવા માટે સૂચના આપી છે અને આ કાર્યવાહી ચાલુ છે.